Extra No. 902

© सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] THURSDAY, SEPTEMBER 18, 2025 / BHADRA 27, 1947

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART I-B

CENTRAL SECTION

Government Notifications Published Under Land Acquisition Act Only

REVENUE DEPARTMENT

NOTIFICATION

Sachivalaya, Gandhinagar, 16th September, 2025

(The Right to Fair Compensation and Transparency in Land Acquisition, Rehabilitation and Resettlement Act, 2013) (30 of 2013)

District: Bharuch

No: AM-M-2025-674-LBR-142025-1575-GH: Whereas it appears to the Government of Gujarat, that the land is likely to be needed for public purpose viz. for the purpose of construction of the infrastructure project of "Construction of Ankleshvar Rajpipla Ektanagar High Speed Corridor Project".

(1) Now therefore in exercise of the powers conferred by sub-section (1) of section (2) of "The Right to Fair Compensation and Transparency in Land Acquisition, Rehabilitation and Resettlement Act, 2013 (30 of 2013) (herein after referred to as "The Act") and the Rules made there-under, it is hereby notified that the Government of Gujarat intends to acquire the said land for the public purpose of the infrastructure project specified above.

(2) Now whereas a proposal is made for acquisition of the above mentioned proposed project of "Construction of Ankleshvar Rajpipla Ektanagar High Speed Corridor Project" the bare minimum area of land to be acquired, for the Project is H.A. 02-84-93 Sq.mtr. and is situated within the boundary limit of Village: Raysingpura, Taluka: Jhagadiya, Dist. Bharuch**.**

(3) Now whereas it appears to the State Government that it is expedient to exempt in public interest such area of H.A. 02-84-93 Sq.mtr. of land to be acquired, for the above stated infrastructure project, from the application of the provision of chapter II and III of the Act.

(4) Now therefore, in exercise of the powers conferred by section 10(A) of The Act [inserted by section 3 of The RFCTLARR (Gujarat Amendment) Act, 2016] (Gujarat Act No. 12 of 2016) The Government of Gujarat, hereby exempt in public interest, the area of H.A. 02-84-93 Sq.mtr. land is situated within the boundary limit of: Village: Raysingpura, Taluka: Jhagadiya, Dist. Bharuch to be acquired for the "Construction of Ankleshvar Rajpipla Ektanagar High Speed Corridor Project" from the application of the provision of chapter II and III of The Act.

By order and in the name of the Governor of Gujarat,

RAJ NAMERA,

Under Secretary to Government.

મહેસૂલ વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૨૫

(જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુર્નવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩) (૨૦૧૩નો ૩૦મો)

જિલ્લો: ભરૂચ

ક્રમાંક: અમ-મ-૨૦૨૫-૬૭૪-જભર-૧૪૨૦૨૫-૧૫૭૫-ઘ: "અંકલેશ્વર-રાજપીપળા-એકતાનગરને જોડતા રોડને સિક્સ લેન હાઈસ્પીડ કોરીડોર પ્રોજેક્ટ"ના જાહેર હેતુના આંતરમાળખાકીય પ્રોજેક્ટ માટે જમીનની જરૂર પડવાનો સંભવ છે, એવું ગુજરાત સરકારને જણાય છે.

(૧) તેથી જમીન સંપાદન, પુન:સ્થાપન અને પુર્નવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩) (૨૦૧૩નો ૩૦મો) (જેનો આમાં હવે પછી "સદરહું અધિનિયમ" તેમ ઉલ્લેખ કરવામાં આવેલ છે તે)ની કલમ-૨(૧) તથા તે અંગેના નિયમોથી મળેલ અધિકાર અન્વયે ગુજરાત સરકાર આથી ઉપરોક્ત આંતરમાળખાકીય પ્રોજેક્ટના જાહેર હેતુ માટે કાયદાનુસાર સંપાદન કરવાનો ઈરાદો જાહેર કરે છે.

(૨) હવે જ્યારે ઉક્ત સૂચિત પ્રોજેક્ટ "અંકલેશ્વર-રાજપીપળા-એકતાનગરને જોડતા રોડને સિક્સ લેન હાઈસ્પીડ કોરીડોર પ્રોજેક્ટ"ના જાહેર હેતુ માટે જમીન સંપાદન માટેની દરખાસ્ત રજૂ થયેલ છે, ત્યારે આ પ્રોજેક્ટ માટે સંપાદન કરવાની થતી ઉપરોક્ત ઓછામાં ઓછી જમીનનો કુલ વિસ્તાર હે.આરે. ૦૨-૮૪-૯૩ ચો.મી. છે અને તે મોજે. રાયસિંગપુરા, તા. ઝગડીયા, જિ. ભરૂચની હદમાં આવેલ છે.

(૩) હવે જ્યારે ઉપરોક્ત આંતરમાળખાકીય પ્રોજેક્ટ માટે સદરહું સંપાદન કરવાની થતી ક્ષેત્રફળ હે.આરે. ૦૨-૮૪-૯૩ ચો.મી. જમીનને સદરહું અધિનિયમના પ્રકરણ-૨ અને ૩ની જોગવાઈઓની અમલવારીમાંથી મુક્તિ આપવાનું રાજ્ય સરકારને જાહેર હિતમાં આવશ્યક જણાય છે.

(૪) તેથી સદરહું અધિનિયમની કલમ-૧૦(એ) (જમીન સંપાદન, પુન:સ્થાપન અને પુર્નવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા (ગુજરાત સુધારા) અધિનિયમ-૨૦૧૬ (૨૦૧૬નો ગુજરાત અધિનિયમ-નં.૧૨)ની કલમ-૩થી દાખલ કરેલ) થી મળેલ અધિકારો અન્વયે, રાજ્ય સરકાર આથી જાહેર હિતમાં "અંકલેશ્વર-રાજપીપળા-એકતાનગરને જોડતા રોડને સિક્સ લેન હાઈસ્પીડ કોરીડોર પ્રોજેક્ટ"ના આંતરમાળખાકીય પ્રોજેક્ટ માટે સંપાદન થતી જમીનમાં સમાવિષ્ટ થયેલ મોજે. રાયસિંગપુરા, તા. ઝગડીયા, જિ. ભરૂચની ક્ષેત્રફળ હે.આરે. ૦૨-૮૪-૯૩ ચો.મી. જમીનને સદરહું અધિનિયમના પ્રકરણ-૨ અને ૩ની જોગવાઈઓની અમલવારીમાંથી મુક્તિ આપે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

રાજ નમેરા,

સરકારના ઉપસચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.09.27 15:33:35 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar